સુવિચાર : સભ્યતામાંથી સંસ્કારિતાની બાદબાકી થઇ જાય ત્યારે શબ્દો ઠારવાને બદલે બાળવાનું કાર્ય કરે છે - મોરારિ બાપુ

તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૦ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૫૯ ૧૯ ઓગસ્ટ, ૨૦૧૫, બુધવાર ; શ્રાવણ સુદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં સંસદનુ ખાસ સત્ર મળી શકે
- સુપ્રીમ કોર્ટને બોંબથી ઉડાડી દેવાની ધમકી : સઘન સુરક્ષા
- પ્રણવ મુખર્જીના પત્નિ શુભ્રા મુખર્જીનું દિલ્હીમાં અવસાન
- મોદી સરકાર ખેડૂતોની જમીન આંચકી લેવા તૈયાર છે : રાહુલ
- મુંબઈમાં ટોપ સટોડિયાના આવાસ પર ઈડીના દરોડા
- નાવેદના બે સાગરિતના અંતે સ્કેચ જારી : ઊંડી શોધખોળ
- ડોન દાઉદ ISIની સુરક્ષા હેઠળ છે : ભારતે દાવો કર્યો
- ત્રાસવાદીઓ વિરુદ્ધ પગલા લેવા પાક પર દબાણ વધશે
- હિમાચલ : ગુરુદ્વારા પાસે ભેખડ પડતા ૧૦ના મોત
- શેરબજાર : સતત બીજા દિવસે મંદીનું મોજું
- બેંગકોકમાં બ્રહ્મા મંદિર બોંબ વિસ્ફોટ બાદ શોધખોળ જારી

# બિહાર માટે સવાલાખ કરોડનું ખાસ પેકેજ

### મિશન બિહારને પાર પાડવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંપૂર્ણ સજ્જ : બિહારમાં પરિવર્તન રેલીને સંબોધતા નિતિશકુમાર અને લાલુ યાદવ પર આકરા પ્રહારો



સહરસા, તા. ૧૮

બિહાર વિધાનસભાની ચુંટણીને ધ્યાનમાં લઈને મિશન બિહાર ઉપર નિકળેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બિહાર માટે મહાકાય પેકેજની જાહેરાત કરી હતી. સાથે-સાથે મુખ્યમંત્રી નિતિશકુમાર અને આરજેડીના વડા લાલુ પ્રસાદ યાદવ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ આજે બિહાર માટે ૧.૨૫ લાખ કરોડનું ખાસ પેકેજ જાહેર કર્યું હતું. પેકેજની જાહેરાત કર્યા બાદ મોદી અસલ રંગમાં દેખાયા હતા. બિહારની યાત્રા દરમિયાન તેઓએ આક્રમક ચુંટણી પ્રચાર કરીને હરીફો સામે પ્રહારો કર્યા હતા.મોદીએ કહ્યું હતુ કે, નવા બિહારની રચના કરવાનો સમય આવી ગયો છે. મોદીએ કહ્યું હતું કે, જ્યારે નેપાળમાં ભુકંપ આવ્યો ત્યારે કોઈપણ સમય બગાડ્યા વગર અમે તરત પહોંચી ગયા હતા. અમારી સેના પહોંચી ગઈ હતી. નિતિશકુમારની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, બિહારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ લથડી ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ખાસ પેકેજ બિહારનો અધિકાર છે : નિતિશકુમાર

### મોદીના આકરા પ્રહારો અંગે પ્રતિક્રિયા આપી : બિહારમાં રાજકીય ગરમી વધી : આક્ષેપ-પ્રતિઆક્ષેપોનો દોર તીવ્ર

પટણા, તા. ૧૮

બિહાર માટે ૧.૨૫ લાખ કરોડના ખાસ પેકેજની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કર્યા બાદ મુખ્યમંત્રી નિતિશકુમારે તરત જ તેમની પ્રતિક્રિયા આપી હતી. નિતિશકુમારે કહ્યું હતું કે, નાણાકીય સહાયતા મેળવવાની બાબત રાજ્યનો અધિકાર છે. નિતિશકુમારે ટ્વીટર ઉપર કહ્યું હતું કે, મોદી દ્વારા જાહેર કરવામાં આવેલા પેકેજની વિગતોમાં તેઓ અભ્યાસ કરી રહ્યા છે, ત્યારબાદ જ કોઈ વધારે પ્રતિક્રિયા આપશે. ઘણા સમયથી ખાસ સહાયતાની માંગણી કરવામાં આવી રહી હતી. ખાસ સહાયતા અમારો અધિકાર છે.



# રાજ્યના હવામાનમાં પલટો : ૭૬ તાલુકાઓમાં સામાન્ય વરસાદ

### સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અનેક ભાગોમાં હળવા વરસાદી ઝાપટા : સૌરાષ્ટ્રમાં વરસાદનો ત્રીજો રાઉન્ડ શરૂ થયો : રાજકોટ, જુનાગઢ, વિસાવદર, માંગરોળ, વંથલીમાં પણ વરસાદી ઝાપટાઓ : પાલિતાણામાં હળવો વરસાદ

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યમાં હવામાન પલટાતા છેલ્લા ૨૪ કલાક દરમ્યાન કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ નોંધાવા પામ્યો છે.

રાજ્યમાં ઉત્તર ગુજરાતમાં અતિવૃષ્ટિ સર્જાયા બાદ સમગ્ર રાજ્યમાં મેઘરાજાએ ખમૈયા કર્યા હતા. પરંતુ ગઈકાલથી રાજ્યના હવામાનમાં પલટો આવવા પામ્યો છે. રાજ્ય પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સવારે સાત વાગ્યે પૂરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૨૫ જિલ્લાના ૭૬ તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાવા પામ્યો હતો.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં પણ ગઈકાલથી હવામાન પલટાયું હતું અને મોડી સાંજે અને આજે વહેલી સવારે ભારે વરસાદનું ઝાપટુ પડવા પામ્યું હતું. સવારે વરસાદનું ઝાપટુ પડ્યા બાદ દિવસભર ગરમી સાથે ભારે ઉકળાટ થતા નગરજનો ઉકળાટથી ત્રાહિમામ પોકારી ગયા હતા.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં વરસાદના ત્રીજા રાઉન્ડની વિધિવતરીતે શરૂઆત થઈ ચુકી છે. શ્રાવણ માસની શરૂઆત થવાની સાથે જ ત્રીજા દોરના વરસાદની પણ શરૂઆત થઈ ચુકી છે. સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં આજે વરસાદ થયો હતો. રાજકોટથી પ્રાપ્ત અહેવાલ મુજબ, બપોર બાદ રાજકોટમાં ઝરમર વરસાદ શરૂ થયો હતો અને આશરે એક કલાક સુધી વરસાદ જારી રહ્યો હતો.

શ્રાવણિયો વરસાદ...



વિદેશી પક્ષીઓ ગાંધીનગરના પાદરે પધાર્યા....



(તસવીર : કશ્યપ નિમાવત)

# પાટીદાર સમાજ મહારેલી માટે મક્કમ

### ૨૫મીએ યોજાનાર રિવરફ્રન્ટ પર પાટીદાર રેલીને મંજુરી નહીં આપવા હિલચાલ : ગુજરાતના જુદા-જુદા ભાગોમાં પાટીદાર સમુદાયના વિવિધ કાર્યક્રમનો દોર યથાવત જારી : સભા તેમજ સરઘસ ઉપર પ્રતિબંધ મુકાયો

અમદાવાદ,તા. ૧૮

પાટીદાર અનામત આંદોલન સમિતિની અમદાવાદ ખાતે યોજાયેલ બેઠકમાં ૨૫મી ઓગસ્ટની મહારેલી માટે મક્કમતાપૂર્વક નિર્ણય કરાયો હતો. કોઈપણ સંજોગોમાં મહારેલી યોજાશે એમ સમિતિના કન્વીનર હાર્દિક પટેલે પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું હતું. રાજકીય રીતે આંદોલનને વિભાજીત કરવાના પ્રયાસોને સમિતિએ સખત શબ્દોમાં વખોડ્યા હતા. રાજ્ય સરકારના મંત્રીઓ દ્વારા દબાણો લાવવાના પ્રયાસોને પણ સમિતિએ ફગાવી દીધા હતા. અનામત આપવા સિવાય સરકાર પાસે બીજો કોઈ વિકલ્પ જ નથી એમ સમિતિની યાદીમાં જણાવાયું છે.

અમદાવાદની મહારેલી સંદર્ભે તમામ વૉર્ડ વાઈઝ બેઠકો યોજાઈ રહી છે, વ્યવસ્થા માટે જુદા જુદા પાટીદાર સમાજો જવાબદારી વહેંચી લીધી છે. ગુજરાતભરમાંથી જોડાનાર પાટીદારો માટે કોઈ અગવડ ના પડે તે માટે અમદાવાદના પાટીદાર સમાજે કમર કસી છે. વાહન વ્યવસ્થા, પાણીના પાઉચની વ્યવસ્થા, પાર્કીંગની વ્યવસ્થા ઉપરાંત ચા-નાસ્તો અને ભોજનની વ્યવસ્થા પણ જોરશોરથી કરાઈ રહી છે. બીજી તરફ સરકાર દ્વારા રેલીને મંજુરી ન આપવા માટે વિચારણા ચાલે છે. પરંતુ પાટીદાર સમાજ મક્કમતાથી રેલી યોજશે એમ જણાય છે.

પાટીદાર સમુદાયના શક્તિ પ્રદર્શનના દોર વચ્ચે અમદાવાદ શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેના પાટીદાર આંદોલનને મંજુરી નહીં આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જોકે, પાટીદાર સમુદાયના લોકો આંદોલનને આગળ વધારવા માટે મક્કમ દેખાઈ રહ્યા છે. અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતેની મહા રેલીને મંજુરી ન અપાતા પાટીદાર સમુદાયના લોકો નિરાશ થયા નથી અને કાર્યક્રમને આગળ વધારવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. પાટીદાર આંદોલન વધુ તીવ્ર બની રહ્યું છે, ત્યારે આંદોલનનો અંત લાવવા ગુજરાત સરકાર પણ સક્રિય બનેલી છે. ગુજરાત સરકારે વાતચીતનો પ્રથમ રાઉન્ડ યોજી લીધા બાદ હવે વધુ વાતચીત પણ કરે તેવી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કપાસનો વાવેતર વિસ્તાર ઘટ્યો પરંતુ દિવેલાના વિક્રમી વાવેતરના અણસાર

### એકાદ રાઉન્ડ સારા વરસાદની આશા રાખતા ખેડૂતો ફેર રોપણીના પાકોના વાવેતરમાં વ્યસ્ત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે કપાસનો વાવેતર વિસ્તાર ઘટ્યો છે જ્યારે દિવેલા અને અન્ય ફેર રોપણીના પાક વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૦ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ છે. ખેડૂતો હાલ ફેર રોપણીના પાકોના વાવેતર માટે એકાદ સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે. આ માટે ખેતરો તૈયાર કરીને પણ ખેડૂતોએ રાખ્યા છે.

ખાસ કરીને વરિયાળી, ટામેટા, મરચી અને અન્ય પાકો માટે એકાદ સારો વરસાદ આવી જાય તે જરૂરી હોવાનું ખેડત આગેવાનોનું કહેવું છે. જિલ્લામાં આ વર્ષે કપાસ પાકના વાવેતર વિસ્તારમાં પાંચેક હજાર હેક્ટર વિસ્તારનો ઘટાડો ગત વર્ષની તુલનામાં નોંધાયો છે.

આ વખતે દિવેલા પાકના વાવેતર વિસ્તારમાં પાંચેક હજાર હેક્ટરનો વધારો થશે. આ ઉપરાંત શાકભાજીના પાકો તેમજ કઠોળ પાકના વાવેતરમાં પણ નોંધનીય વધારો જોવા મળી રહ્યો છે. ઘાસચારાના પાકનું પણ વાવેતર વધવા પામ્યું છે.

આ વર્ષે જિલ્લામાં ૧ લાખ ૩૦ હજારથી ૧ લાખ ૩૫ હજાર હજાર વિસ્તારમાં વાવેતર થશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લામાં કપાસનું વાવેતર ૨૫ હજાર હેક્ટર વિસ્તારમાં થયું છે. તો દિવેલાનું વાવેતર લગભગ ૨૭ હજાર હેક્ટરને આંબી ગયું છે. આ વાવેતર વિસ્તારમાં હજુ વધારો થવાની શક્યતાઓ છે. હાલ દિવેલાનું વાવેતર ચાલુ છે.

બીજી તરફ ફેર રોપણીના પાકો માટે પણ વાવેતર ચાલી રહ્યું છે. આ વખતે જિલ્લામાં સમયસર ચોમાસાના આરંભ પછી બીજા રાઉન્ડના વરસાદ વચ્ચે સારો એવો સમય પસાર થતાં ખેડૂતો ચિંતાતુર બન્યા હતા પરંતુ સારો વરસાદ બીજા રાઉન્ડમાં થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયેલો છે. છેલ્લા બે દિવસથી હળવાથી ભારે વરસાદના ઝાપટા પડે છે પણ એકાદ રાઉન્ડ સાર્વત્રિક વરસાદનો થઈ જાય તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

079 - 23213090
@ ₹ 149*
LUNCH*
(Unlimited)
10.30 A.M. TO 3-00 P.M.
NEO POLITAN PIZZA
ITALIAN PIZZERIA



Enjoy
Unlimited
Birthday Fun
& Kitty Party
102, Supper Mall-2, Infocity, Gandhinagar. Mo. 9574000422
*Condition apply